# માલપુરમાં ૧ લાખની કિંમતનું ગેરકાયદે બાયોડીઝલ ઝડપાયું

### ભિલોડા વિસ્તારના પેટ્રોલ પંપમાં જથ્થો ઠલવાતો હોવાની આશંકા : ત્રણ લાખના મુદ્દામાલ સાથે ત્રણની અટકાયત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

રાજ્યમાં બાયોડીઝલના વેચાણ ઉપર પ્રતિબંધ છે છતાં બેરોકટોક બાયોડીઝલનું વેચાણ ચાલી રહ્યું છે. માલપુર પોલીસે ગત રોજ ચાર રસ્તા પાસે બોલેરો થોભાવી તપાસ હાથ ધરતાં રૂા.૧ લાખની કિંમતનું ૧૦ બેરલમાં ભરેલું ૨૦૦૦ લીટર બાયોડીઝલ ઝડપાતાં જથ્થો જપ્ત કરી ૩ ઈસમો સામે કાર્યવાહી કરવામાં આવી છે. ભિલોડા વિસ્તારના પેટ્રોલ પંપમાં જથ્થો ઠલવાતો હોવાની આશંકા છે. પુરવઠા તંત્રની મીલીભગતના કારણે અગાઉ થયેલી તપાસમાં પણ કશું ઉકાળવામાં આવ્યું નથી અને હવે પાછલા બારણે વિભાગના આશીર્વાદથી ગેરકાયદે બાયોડીઝલનું વેચાણ થતું હોવાની આશંકા પ્રબળ બની છે.

અરવલ્લી જિલ્લામાં અગાઉ ૬ જેટલા પંપમાં ડુપ્લીકેટ બાયોડીઝલનું વેચાણ થતું હોવાની




ફરિયાદ પછી જે તે તાલુકાના નાયબ મામલતદાર (પુરવઠા) દ્વારા આવા ડીઝલનો વેપલો કરતા સંચાલકોના ત્યાં પહોંચી જઈ ડીઝલ પંપ બંધ કરાવ્યા હતા અને કેટલાક સેમ્પલ લઈ મામલો સમેટી લીધો હતો. આજ દિન સુધી ગેરકાયદે વેપલો કરનારા સામે કોઈ કાર્યવાહી થયાનું જાહેર કર્યું નથી. કેટલાક વિસ્તારોમાં તો આખેઆખા પંપ ગાયબ થઈ ગયા જેથી અરવલ્લી જિલ્લા પુરવઠા તંત્રની છબી ખરડાઈ છે અને હજુ પણ બાયોડીઝલના વેચાણ ઉપર પ્રતિબંધ હોવા છતાં તંત્રના આશીર્વાદથી બેરોકટોક બાયોડીઝલની હેરાફેરી થઈ રહી છે. ગત રોજ માલપુર ચાર રસ્તા પાસેથી પસાર થતા બોલેરોમાં ૧૦ બેરલ જોતાં પોલીસે વાહન થોભાવ્યું અને તપાસ હાથ ધરતાં નિયમન અને પેટ્રોલીયમ જવનશીલ બાયોડીઝલની ગેરકાયદે હેરાફેરી હોવાનું જણાઈ આવતાં રૂા.૨ લાખનું વાહન અને રૂા.૧ લાખની કિંમતનો બાયોડીઝલનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. બાયોડીઝલ સુરતથી ભરવામાં આવ્યું હતું અને ભિલોડામાં રમેશ નામના ઈસમના ત્યાં પહોંચાડવાનું હોવાનું બહાર આવ્યું છે. આ અંગે હેડકોન્સ્ટેબલ ગોવિંદભાઈ અળખાભાઈની ફરિયાદના આધારે માલપુર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આરોપીઓ.. ઈશ્વરભાઈ નાથાભાઈ તેરવાડીયા, રહે.દેવીપૂજક વાસ, ઢોરીયા, સુરત, મહેશ વસરામભાઈ ચોવટીયા, રહે.કામરેજ, રમેશ, રહે.ભિલોડા

## બોર્ડ પરીક્ષા : ધો.૧૨ પરીક્ષાનું સમયપત્રક જાહેર, વિદ્યાર્થીઓની આતૂરતાનો અંત

### વિદ્યાર્થી-વાલીઓ પરીક્ષા નિર્વિઘ્ને સંપન્ન થાય તેની રાહ જોઈ રહ્યા છે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

કોરોનાના કારણે ત્રણ વાર બોર્ડ પરીક્ષા પાછી ઠેલાયા પછી તા.૧ જુલાઈથી બોર્ડ પરીક્ષા શરૂ થવાની છે. ધો.૧૨ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા સમયપત્રક જાહેર કરવામાં આવ્યું છે. ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ભૌતિક વિજ્ઞાન વિષયના પેપર સાથે પરીક્ષા શરૂ થશે અને તા.૧૦ જુલાઈના રોજ પરીક્ષા સંપન્ન થશે. સામાન્ય પ્રવાહમાં તા.૧ જુલાઈથી શરૂ થઈ રહેલી પરીક્ષા તા.૧૬ જુલાઈના રોજ સમાપ્ત થશે. જ્યારે ધો.૧૦ રીપીટર પરીક્ષા તા.૧ જુલાઈથી શરૂ થઈ ૮ જુલાઈના રોજ પૂર્ણ થશે. બોર્ડ દ્વારા પરીક્ષાનું સમયપત્રક જાહેર થતાં વિદ્યાર્થીઓની આતૂરતાનો અંત આવ્યો છે અને વિદ્યાર્થી-વાલીઓ પણ તા.૧ જુલાઈથી શરૂ થતી પરીક્ષા હવે નિર્વિઘ્ને સંપન્ન થાય તેની રાહ જોઈ રહ્યા છે.

**ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ સમયપત્રક..**

| તારીખ | સમય | વિષય |
|---|---|---|
| ૧-૭-૨૧ | ૨-૩૦ થી ૬-૦૦ | ભૌતિક વિજ્ઞાન |
| ૩-૭-૨૧ | ૨-૩૦ થી ૬-૦૦ | રસાયણ વિજ્ઞાન |
| ૫-૭-૨૧ | ૨-૩૦ થી ૬-૦૦ | જીવ વિજ્ઞાન |
| ૬-૭-૨૧ | ૨-૩૦ થી ૬-૦૦ | ગણિત |
| ૮-૭-૨૧ | ૨-૩૦ થી ૬-૦૦ | અંગ્રેજી (પ્રથમભાષા), અંગ્રેજી (દ્વિતિય ભાષા) |
| ૧૦-૭-૨૧ | ૨-૩૦ થી ૬-૦૦ | ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દુ, સીંધી, તામિલ, સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |
| | ૨-૩૦ થી ૪-૪૫ | કમ્પ્યુટર એજ્યુકેશન |

**ધો.૧૨ સામાન્ય પ્રવાહ સમયપત્રક..**

| તારીખ | સમય (૧૦ થી ૧-૧૫) | વિષય (૨-૩૦ થી ૫-૪૫) |
|---|---|---|
| ૧-૭-૨૧ | સહકાર પંચાયત | નામાનાં મૂળતત્વો |
| ૨-૭-૨૧ | ઈતિહાસ | આંકડાશાસ્ત્ર |
| ૩-૭-૨૧ | કૃષિ વિદ્યા | તત્વજ્ઞાન, ગૃહ જીવન વિદ્યા |
| | | વસ્ત્ર વિદ્યા, પશુપાલન અને ડેરી વિજ્ઞાન, વન વિદ્યા અને વન ઔષધિવિદ્યા |
| ૫-૭-૨૧ | સામાજીક વિજ્ઞાન | વાણિજ્ય વ્યવસ્થા |
| ૬-૭-૨૧ | — | અર્થશાસ્ત્ર |
| ૭-૭-૨૧ | — | ગુજરાતી, હિન્દી, મરાઠી, ઉર્દુ, સીંધી, અંગ્રેજી, તામિલ |
| ૮-૭-૨૧ | — | મનોવિજ્ઞાન |
| ૯-૭-૨૧ | | સેક્રેટરીયલ પ્રેક્ટીસ અને વા ભૂગોળ |
| ૧૦-૭-૨૧ | — | હિન્દી (બીજીભાષા) |
| ૧૩-૭-૨૧ | | રાજ્યશાસ્ત્ર, સમાજશાસ્ત્ર |
| ૧૪-૭-૨૧ | | સંગીત સૈદ્ધાંતિક, ગુજરાતી, અંગ્રેજી |
| ૧૫-૭-૨૧ | | ચિત્રકામ, કમ્પ્યુટર પરીચય, હેલ્થકેર, રીટેલ બ્યુટી એન્ડ વેલનેશ |
| ૧૮-૭-૨૧ | — | સંસ્કૃત, ફારસી, અરબી, પ્રાકૃત |

## અનેક અટકળો શરૂ : બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ કોણ..??

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા કેટલાક જિલ્લા અને મહાનગર પાલિકા વિસ્તારમાં સંગઠન પ્રમુખની નિયુક્તિ પછી બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ પદે કોણ..?? તેની ચર્ચાઓ સાથે અટકળો શરૂ થઈ છે. શહેર ભાજપ સંગઠન પ્રમુખ બનવા માટે પ્રથમવાર અનેક દાવેદારો મેદાનમાં આવ્યા છે. આગામી ૨-૪ દિવસમાં જ બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખનું નામ જાહેર થઈ શકે છે. ગત ફેબ્રુઆરી મહિનામાં જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓની ચૂંટણી યોજાતાં સમગ્ર અરવલ્લી જિલ્લામાં ભાજપનું બુલ્ડોઝર ફરી વળ્યું હતું. જિલ્લા પંચાયત, ૬ તાલુકા પંચાયત અને બાયડ, મોડાસા પાલિકામાં ભાજપનો ભગવો લહેરાયા પછી વિકાસના કામો તેજ ગતિએ શરૂ થયા છે. બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખ સ્નેહલભાઈ પટેલને બાયડ પાલિકા પ્રમુખ તરીકે પસંદગી પછી બાયડ શહેર ભાજપ સંગઠન પ્રમુખની જગ્યા ખાલી પડી છે. જેથી સંગઠન પ્રમુખ તરીકે હવે કોણ નિયુક્ત થશે તેને લઈને અટકળો ચાલી રહી છે જેમાં ૪ થી વધુ દાવેદારો મેદાનમાં હોવાનું જાણવા મળ્યું છે. અત્યારે તો જો અને તો ના ગણિત વચ્ચે દાવેદારોના નામમાં દરરોજ એકાદ-બે નો વધારો થઈ રહ્યો છે. તેમ છતાં બાયડ શહેર ભાજપ સંગઠનને વધુ મજબૂત બનાવે તેવા ઉમેદવારની પસંદગી ભાજપના કાર્યકરો ઈચ્છી રહ્યા છે.

# કોરોનાએ કમર તોડી : ઉત્તર ગુજરાતમાં કોરોના કાળમાં મધ્યમ વર્ગના સ્વપ્નો રોળાયાં

### મધ્યમ વર્ગ ગરીબ, ગરીબ અતિ ગરીબ બન્યા, મકાન, લગ્ન, શિક્ષણ માટે કરેલી બચત સાફ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

કોરોનાની મહામારીમાં ધંધા-રોજગાર તહસ નહસ થઈ જવાની સાથે ઘરનું ગુજરાન ચલાવવા માટે કરકસર કરીને એકત્ર કરેલી બચત સાફ થઈ જતાં મધ્યમ વર્ગના સ્વપ્નો રોળાયાં છે. હજારો પરિવારોએ મકાન, લગ્ન અને શિક્ષણ માટે થોડીઘણી બચત જમા કરી હતી જે કોરોના કાળમાં બિમારી અને દવાઓના ખર્ચા પાછળ ખર્ચાઈ જતાં મધ્યમ વર્ગ ગરીબ અને ગરીબ અતિગરીબ બની ગયા છે.

કોરોનાની નવી લહેરે સમગ્ર ઉત્તર ગુજરાતને ઝપેટમાં લઈ લીધું છે. બીજી લહેર વધુ ઘાતક બનતાં ૫ જિલ્લામાં કેસનો રાફડો ફાટ્યો હોવાથી બેડ, દવા, ઈન્જેક્શન અને ઓક્સિજન પણ એક તબક્કે ખૂટી પડ્યા તેવી સ્થિતિ ઉભી થઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાના સંક્રમણમાં ઘટાડો જરૂર થયો છે પરંતુ હજારો મધ્યમ વર્ગ અને ગરીબ પરિવારોની હાલત કોરોનાના કારણે અત્યંત કફોડી બની છે. કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સ્વૈચ્છીક લૉકડાઉન તેમજ મોટાભાગે સંક્રમણથી બચવા માટે વેપારીઓએ ધંધા-રોજગારો બંધ રાખી ઘરે સુરક્ષિત રહેવાનું મુનાસીફ માન્યું હતું. જ્યારે ગરીબ પરિવારોની આર્થિક હાલત વર્તમાન સમયમાં વધુ વિકટ બની જતાં હજારો પરિવારના સ્વપ્નો કોરોનાના કારણે ચકનાચૂર થઈ ગયા છે. ગરીબ પરિવારોએ ઘરનું ઘર થાય તે માટે થોડીઘણી બચત કરી હતી તે પણ ઘેર બેસીને ખાવામાં ખર્ચાઈ ગઈ છે. જ્યારે મધ્યમ વર્ગના પરિવારોએ પોતાના સંતાનોના ઉચ્ચ શિક્ષણ તેમજ લગ્ન માટે જમા કરેલી બચત પણ કોરોનામાં વપરાઈ જતાં હવે ૫ જિલ્લામાં હજારો પરિવારો આર્થિક સંકળામણ અનુભવી રહ્યા છે. મકાન, શિક્ષણ અને અન્ય આયોજનો માટે અનામત રાખેલી બચત ખર્ચાઈ છે અને હજુ પણ ધંધા-રોજગારો રાબેતા મુજબ પાટે ચઢ્યા ન હોવાથી મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ જાયે તો જાયે કહાં જેવી સ્થિતિમાં આવી ગયો છે.

# હિંમતનગર શહેરમાં ગટરમાં ગાય ખાબકી, મોડી રાત્રે ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ ગાયને રેસ્કયુ કરી હેમખેમ બહાર કાઢી

વિકાસ... વિકાસ...ની મસમોટી વાતો કરતી હિંમતનગર નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારી વધુ એક વખત સામે આવી છે



સમગ્ર ઉત્તર ગુજરાત ઝોનમાં પ્રથમ ક્રમાંક ધરાવતી હિંમતનગર નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારીને કારણે ગત રોજ સોમવારે મોડી રાત્રે હિંમતનગર નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ અંકિતા ડેરી નજીક સગુન બંગલોઝ પાસે રોડ ઉપર ખુલ્લી ગટરમાં ગાય ગરકાવ થઈ જતા ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવી મોડી રાત્રે ભારે કલાકોની જહેમત બાદ રેસ્ક્યુ કરી ગાયને હેમખેમ બહાર કાઢી રાહતનો શ્વાસ લીધો હતો.

હિંમતનગર નગરપાલિકાના હદ વિસ્તારમાં આવેલ અંકિતા ડેરી નજીક સગુન બંગલોઝ પાસે રોડ ઉપર આવેલી ગટરલાઈનનું ઢાંકણું છેલ્લા કેટલાક સમયથી ખુલ્લુ મૂકીને નગરપાલિકા તંત્ર દ્વારા ઘોર બેદરકારી દાખવવામાં આવી હતી નગરપાલિકા તંત્ર ના પાપે મોડી રાત્રે ગાય ગટરમાં ખાબકી હતી.

ગટરનું ઢાંકણું ખુલ્લુ હોવાથી મોડી રાત્રિએ ગાય ગટરમાં ગરકાવ થઈ જતા આજુબાજુના વિસ્તારમાંથી જીવદયા પ્રેમીઓ સહિત મોટી સંખ્યામાં લોકો દોડી આવ્યા હતા શરૂઆતમાં ગટરમાં ખાબકેલી ગાયને બહાર કાઢવા માટે સ્થાનિકો દ્વારા અથાક પ્રયત્નો કરવામાં આવ્યા હતા પરંતુ સફળતા મળી ન હતી આખરે હિંમતનગરની ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ધોરણે ઘટનાસ્થળે દોડી આવી હતી ફાયર બ્રિગેડના જવાનો દ્વારા દોરડું બાંધીને ગાયની બહાર કાઢવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પરંતુ ગટરનું મુખ નાનું હોવાથી ગાય અડધે સુધી આવીને પાછી ગટરમાં ગરકાવ થઈ જતી હતી આખરે ભારે કલાકોની જહેમત બાદ રેસ્ક્યુ કરી ગાયને હેમખેમ બહાર કાઢી રાહતનો શ્વાસ લીધો હતો.

### સ્થાનિક રહીશો દ્વારા આક્રોશ વ્યક્ત કરાયો

નગરપાલિકા તંત્રની ઘોર બેદરકારીને પગલે મોડી રાત્રે ગટરનું ઢાંકણું ખુલ્લુ હોવાથી ગટરમાં ગાય ગરકાવ થઈ જતા સ્થાનિક રહીશો દ્વારા નગરપાલિકા તંત્ર વિરુદ્ધ આક્રોશ વ્યક્ત કર્યો હતો સ્થાનિકો દ્વારા જણાવ્યા અનુસાર નગરપાલિકા તંત્ર દ્વારા કેટલાક દિવસ અગાઉ કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમાં નગરપાલિકા તંત્રની પોલ ખુલ્લી પડી જવા પામી છે તેમજ શહેરભરમાં ઠેર-ઠેર ગટરના ઢાંકણા ખુલ્લા મુકી દેવામાં આવતા જીવલેણ અકસ્માતની દહેશત સેવાઈ રહી છે વધુમાં સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે મોડી રાત્રે ગાય ગટરમાં ખાબકી હતી હતી પરંતુ જો કોઈ બાળક ભૂલથી ગટરમાં ગરકાવ થઈ ગયું હોત તો ? કોઈને ગંધ સુદ્ધા પણ આવી ન હોત ! ત્યારે વરસાદી માહોલમાં નગરપાલિકા તંત્ર દ્વારા જીવલેણ અકસ્માતની દહેશત વચ્ચે શહેરના વિવિધ વિસ્તારોમાં ગટરના ખુલ્લા ઢાંકણો બંધ કરવા કામગીરી કરવામાં આવે લોક માંગ ઊભી થવા પામી છે.

## વિરોણા નજીક બેફામ ટેન્કર પોલીસની જીપને ધડાકાભેર ટકરાયું

ડીસા તાલુકાના વિરોણા નજીક મંગળવારે વહેલી સવારે જિલ્લા ટ્રાફિકની ઉભેલી જીપને પુર ઝડપે આવતા ટેંકરે ધડાકાભેર ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો. બન્ને વાહનમાં એકાએક આગ લાગી હતી. જે આગમાં બન્ને વાહનો બળી જવા પામ્યા હતા.જ્યારે ટેંકર ચાલક આગમાં બળી જતા મોત નીપજ્યું હતું અને અન્ય બે સવાર પૈકી એકને ઈજા તેમજ બીજાનો બચાવ થયો હતો.

## અશ્વદળનું મ્હેણું ભાગ્યું : અરવલ્લી પોલીસને ૧૦ અશ્વની ભેટ

### કરીશ્મા, દીશા, લોચના, સોનમ, અંશુમન, લુક્તા, લલીત, લોપેન્દ્ર, હીના, દિવ્યા એ શોભા વધારી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

અરવલ્લી જિલ્લાને મેડીકલ કોલેજનું સ્વપ્ન સાકાર થયું નથી પરંતુ પોલીસ માટે મહત્વના અશ્વદળનું સ્વપ્ન સાકાર થયું છે. અરવલ્લી જિલ્લા પોલીસને ગૃહ વિભાગના અશ્વદળ દ્વારા ૧૦ અશ્વની ભેટ આપવામાં આવી છે. સંવેદનશીલ વિસ્તારોમાં પેટ્રોલીંગ માટે અશ્વ ઉપયોગી થશે. જિલ્લામાં કરીશ્મા, દીશા, લોચના, સોનમ, અંશુમન, લુકતા, લલીત, લોપેન્દ્ર, હીના, દિવ્યાના આગમનથી પોલીસની તાકાતમાં વધારો થઈ શકે છે. અશ્વની દેખરેખ માટે માઉટેડ સ્ટાફ નિયુક્ત કરી દેવામાં આવ્યો છે. અશ્વની ભેટ તો આવી



પરંતુ માઉટેડ વગર અશ્વને ક્યાં રાખવા..?? તેવો યક્ષ પ્રશ્ન ઉપસ્થિત થતાં હાલ અશ્વને હિંમતનગર માઉટેડમાં રાખવામાં આવ્યા છે.

કાયદો વ્યવસ્થાની સ્થિતિ સુચારૂ રૂપ ચાલે તે માટે પોલીસને સજ્જ રાખવામાં આવી છે. સાયબર ક્રાઈમ વધી જતાં રાજ્યના ગૃહ વિભાગ દ્વારા સાયબર પોલીસ સ્ટેશન શરૂ કરવામાં આવ્યા પછી પોલીસને નવાં વાહનો સહિત અશ્વદળ માટે અશ્વો ફાળવવામાં આવી રહ્યા છે. અરવલ્લી જિલ્લામાં છેલ્લા ૨ વર્ષથી જિલ્લા પોલીસ ભવન કાર્યરત થઈ ગયું છે અને આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનોને પણ કરોડોના ખર્ચે સુવિધાયુક્ત બનાવવામાં આવી રહ્યાં છે. ધાર્મિક તહેવારો તેમજ



કાયદો વ્યવસ્થાની સ્થિતિ જોખમાય તેવા સમયે પોલીસનું પેટ્રોલીંગ વધુ તેજ બનાવાતું હોય છે જેમાં વાહનોની સાથે અશ્વોની પણ જરૂરીયાત ઉભી થતી હોય છે જેથી રાજ્ય સરકારના ગૃહ વિભાગે અગાઉ જિલ્લા પોલીસ તંત્રને પેટ્રોલીંગ માટે નવાં વાહન ફાળવ્યા પછી હવે અશ્વદળ માટે ૧૦ અશ્વો ફાળવી દીધા છે. જિલ્લા મથકે અશ્વના રહેઠાણની વ્યવસ્થા



હજુ ઉભી થઈ રહી હોવાથી તમામ અશ્વને હિંમતનગરના માઉટેડ ખાતે રાખવામાં આવ્યા છે.

### કર્મયોગી અધિકારી નિવૃત્ત થયા

# ધનસુરાના નાયબ મામલતદાર નિવૃત્ત થતાં સ્ટાફ અને જિલ્લાની પ્રજા ભાવુક બની

### બિમાર હોય તો પણ કામગીરીમાં જવલ્લે જ રજા પાડી, નિવૃત્તિમય જીવન સુખમય બને તેવી શુભેચ્છાઓ અપાઈ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૧

તા.૩૦ મે.-૨૦૨૧ ના રોજ રાજ્ય સરકારની સેવામાં ફરજ બજાવતા અનેક અધિકારી-કર્મચારીઓ વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા. કોરોનાના કારણે સાદગીપૂર્વક વિદાય સમારંભ યોજાયા. ત્યારે જિલ્લાના એક કર્મયોગી અધિકારી નિવૃત્ત થયા તેની નોંધ અધિકારીઓ તો જરૂર લે પરંતુ સામાન્ય ગરીબ માણસોએ પણ તેની નોંધ લીધી છે. જી.એન.પટેલના હુલામણા નામથી ઓળખાતા ગીરીશભાઈ એન. પટેલ (આકરૂન્દ) નાયબ મામલતદાર તરીકે વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા ત્યારે ધનસુરા મામલતદાર સહિત સ્ટાફ અને જિલ્લાની પ્રજા પણ ભાવુક બની હતી અનેક કલેકટરો, નિવાસી અધિક કલેક્ટર, પ્રાંત અધિકારી અને મામલતદારો સાથે કામ કરવાનો તેમની પાસે બહોળો અનુભવ હતો અને તેનો લાભ જિલ્લાની પ્રજા અને અધિકારીઓને મળ્યો છે. ૩૩ વર્ષની નોકરીના સમયગાળામાં તેઓએ બિમાર હોય તો પણ રજા પાડી નથી એક રીતે સાચા કર્મયોગી અધિકારી વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા છે ત્યારે આવી નિષ્ઠા જવલ્લે જોવા મળે છે.

નોકરી મળવી અને નિવૃત્ત થવું એ સામાન્ય બાબત છે પરંતુ નિવૃત્ત થયા પછી પણ પ્રજાના દિલમાં સ્થાન જાળવી રાખવું અઘરૂ છે. ધનસુરા તાલુકાની આકરૂન્દ હાઈસ્કુલના તેજસ્વી વિદ્યાર્થી ગીરીશભાઈ પટેલ એક સામાન્ય પરિવારમાંથી આવતા હોવા છતાં અથાગ પ્રયત્ન કરી ખાતાકીય પરીક્ષા આપી બઢતી સાથે નાયબ મામલતદાર સુધી પહોંચ્યા હતા.



બાયડ, ધનસુરા, મોડાસા મામલતદાર કચેરી સહિત જિલ્લા કલેક્ટર કચેરીમાં પણ તેઓની યશસ્વી સેવાઓની નોંધ લેવાતી. કોઈ અધિકારી મહેસૂલ કે અન્ય પ્રશ્ન બાબતે મુશ્કેલીમાં મૂકાય તો જી.એન.પટેલને બોલાવો તેવા ઉદ્ગાર સાંભળવા મળતા અને હંમેશાં સાચુ માર્ગદર્શન મળતું. આકરૂન્દ ગામના વતની હોવાથી ફરજ દરમ્યાન અનેકવાર હેરાનગતિ પણ થઈ હશે પરંતુ કોઈપણ પ્રકારની હેરાનગતિને પણ તેઓએ હસતા મોંઢે સ્વીકારી પોતાની મુશ્કેલીને ક્યારેય બહાર આવવા દીધી ન હતી. અનેકવાર મુસીબતમાં મૂકવાના પ્રયાસો પણ થયા પરંતુ કહેવાય છે ને કે નિષ્ઠાવાન ને કોઈ ઝૂકાવી શકતું નથી. યશસ્વી સેવાઓ આપી ૫૮ વર્ષની વયે નાયબ મામલતદાર જી.એન.પટેલ નિવૃત્ત થયા ત્યારે અસંખ્ય લોકો તેમને સન્માનિત કરવા ઈચ્છતા હતા પરંતુ કોરોનાના કપરાકાળના કારણે તે શક્ય ન બન્યું પરંતુ કોઈ નાયબ મામલતદાર નિવૃત્ત થયા હોય ત્યારે સ્ટાફ ભાવુક થાય તે સમજી શકાય પરંતુ જિલ્લાની પ્રજા ભાવુક થાય તેવી પ્રથમ ઘટના નોંધાઈ છે.

**ઘરમાં રહો સુરક્ષિત રહો**

## અશ્રુભીની શ્રધ્ધાંજલિ



અ.નિ. સુધીર રમણભાઈ પટેલ
સ્વ. તા.૨-૬-૨૦૦૩, સોમવાર
આકરૂન્દ, તા. ધનસુરા

નિયતીના અફર નિયમને અનુસરીને અનંત યાત્રાએ ચાલ્યા ગયેલા આપના પવિત્ર અને દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના,

૧૮મી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ.

લી.

પટેલ રમણભાઈ મગનભાઈ (પૂર્વ મંત્રી-આકરૂન્દ કેળવણી મંડળ)
પટેલ મણીબેન રમણભાઈ
પટેલ સંજયભાઈ રમણભાઈ
પટેલ કોમલબેન સંજયભાઈ
કશ્યપ - જીતાર્થ
તથા
સ્વ. મગનભાઈ જેસીંગભાઈ જશકરણભાઈ પટેલ પરિવાર
આકરૂન્દ, તા. ધનસુરા, જિ. અરવલ્લી